# પ્રસાર ભારતી

# પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ

**તારીખ : 13-06-2024** **સાંજે : 7.10 થી 7.20pm**

**વાર : ગુરૂવાર**

**આકાશવાણી અમદાવાદ, વડોદરા....પ્રાદેશિક સમાચાર મિત્તલ પટેલ વાંચે છે.**

- મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે માનવીઓની સલામતીને ધ્યાનમાં રાખીને સર્વાંગી વિકાસ કરવા અનુરોધ કર્યો. – રાજયની આઠ મહાનગરપાલિકાઓ - 18 નગરપાલિકાઓના વિકાસ માટે 2 હજાર 111 કરોડ રૂપિયાના ચેક વિતરણ કર્યા.
- 35 દિવસના ઉનાળુ વેકેશન બાદ આજે રાજ્યભરની 54 હજારથી વધુ શાળાઓમાં 2024-25નું શૈક્ષણિક સત્ર શરૂ થયું છે.
- સમગ્ર દેશમાં આગામી શૈક્ષણિક વર્ષથી પ્રાકૃતિક કૃષિ પદ્ધતિના પદ્ધતિસરના શિક્ષણની શરૂઆત કરાશે.
- તબીબી અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે લેવાયેલી NEET-UG, 2024 માં એક હજાર 563 વિદ્યાર્થીઓને ગ્રેસ માર્ક આપવાનો નિર્ણય રદ કરાયો છે.
- રાજ્ય સરકારની  ખેડૂત હિતલક્ષી યોજનાઓનો લાભ આપતું આઈ-ખેડૂત પોર્ટલ ૧૮મી જૂનથી ખુલ્લું મૂકાશે.

**(ન્યૂઝ બ્રેક – આ પ્રાદેશિક સમાચાર આપ આકાશવાણી અમદાવાદ – વડોદરા પરથી સાંભળી રહ્યા છો)**

**(સમાચારને અંતે – આકાશવાણી – અમદાવાદ – વડોદરા કેન્દ્ર પરથી  સમાચાર પૂરા થયા)**

## Check distribution by Chief Minister

ઝડપી વિકાસની પ્રક્રિયા દરમિયાન જેમનાં માટે વિકાસ કરવામાં આવી રહ્યો છે તે માનવીઓની સલામતીને ધ્યાનમાં રાખીને સર્વાંગી વિકાસ કરવો જરૂરી છે એમ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યું છે.

ગાંધીનગરના મહાત્મા મંદિરમાં શહેરી વિકાસ વિભાગ દ્વારા રાજ્યની 8 મહાનગરપાલિકાઓ અને 18 નગરપાલિકાઓને વિકાસ કામો માટે અનુદાન પેટે કુલ બે હજાર 111 કરોડ રૂપિયાના ચેક વિતરણ પ્રસંગે તેમણે આ પ્રમાણે જણાવ્યું હતું. સૌથી વધુ 673 કરોડ રૂપિયા અમદાવાદ મહાનગર પાલિકાને આપવામાં આવ્યા હતા. જ્યારે અ વર્ગની નગરપાલિકાઓને ચાર કરોડ રૂપિયા આપવામાં આવ્યા હતા.

## Schools reopen across Gujarat

35 દિવસના ઉનાળુ વેકેશન બાદે આજે રાજ્યભરની 54 હજારથી વધુ શાળાઓમાં 2024-25નું શૈક્ષણિક સત્ર શરૂ થયું છે. 9મેથી 12 જૂન દરમિયાન શાળાઓમાં ઉનાળુ વેકેશન પૂર્ણ થતાં આશરે 1 કરોડ 15 લાખ વિદ્યાર્થીઓએ આજથી પુનઃ શિક્ષણકાર્ય શરૂ કર્યું છે. અગાઉ શિક્ષણ બોર્ડે 6 મેથી 9 જૂન દરમિયાન ઉનાળુ વેકેશનની જાહેરાત કરી હતી પણ લોકસભાની ચૂંટણીમાં શિક્ષકોને ચૂંટણી અંગેની ફરજ અપાતા વેકેશનની તારીખ બદલીને 9મેથી 12 જૂન કરવામાં આવી હતી. ગરમીને ધ્યાનમાં રાખતાં કેટલીક શાળાઓએ સવારનો સમય રાખ્યો છે. જો કે કોલેજોનું શૈક્ષણિક સત્ર 23 જૂનથી શરૂ થશે.

રાજ્ય સરકાર દ્વારા રાજ્યની તમામ શાળાઓમાં 27થી 29 જૂન દરમિયાન શાળા પ્રવેશોત્સવ યોજાશે.

સુરત જિલ્લાની તમામ પ્રાથમિક શાળાઓ, આશ્રમ શાળાઓ તથા માધ્યમિક શાળાઓ નવા શૈક્ષણિક સત્ર માટે શાળાઓ રાબેતા મુજબ શરૂ થઈ હતી ,શાળાઓનાં શિક્ષકો દ્વારા વિધાર્થીઓને કુમકુમ તિલક કરી ચોકલેટ તથા પુષ્પ અર્પણ કરી ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

જ્યારે અંબાજીની શાળાઓમાં નવા શૈક્ષણિક સત્રના  પ્રથમ દિવસે વિદ્યાર્થીઓની પાંખી હાજરી જોવા મળી હતી અને આજે પ્રથમ દિવસે નિઃશુલ્ક પાઠ્યપુસ્તકો અર્પણ કરવામાં આવ્યા હતા

અમારા  મહેસાણાના પ્રતિનિધિ જયંતિ ચૌધરી જણાવે છે કે જિલ્લામાં આવેલી 1035 પ્રાથમિક શાળાઓ તેમજ 703 માધ્યમિક અને ઉચ્ચતર શાળાઓમાં  ઉનાળુ વેકેશન બાદ આજથી શાળાઓ શરૂ થઇ ગઈ છે.

## Natural farming method

સમગ્ર દેશમાં આગામી શૈક્ષણિક વર્ષથી પ્રાકૃતિક કૃષિ પદ્ધતિના પદ્ધતિસરના શિક્ષણની શરૂઆત કરાશે. પ્રાકૃતિક કૃષિમાં વિદ્યાર્થીઓ બી.એસ.સી. એગ્રીકલ્ચર (ઑનર્સ) અને એમ.એસ.સી.નો અભ્યાસ કરી શકશે.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના માર્ગદર્શનમાં  દેશના 12 કૃષિ વૈજ્ઞાનિકો અને વિષય નિષ્ણાતો દ્વારા પ્રાકૃતિક કૃષિનો અભ્યાસક્રમ તૈયાર કરવામાં આવ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વર્ષ-2022માં પ્રાકૃતિક કૃષિના આ અભ્યાસક્રમનું વિમોચન કર્યું હતું. વર્ષ 2023-24 થી રાજયની તમામ કૃષિ યુનિવર્સિટીઓમાં પ્રાકૃતિક કૃષિનો અભ્યાસક્રમ દાખલ કરવામાં આવ્યો છે.

ભારતીય કૃષિ સંશોધન પરિષદ (ICAR) દ્વારા પાંચમી ડીન કમિટીમાં શૈક્ષણિક વર્ષ 2024-25 થી સમગ્ર દેશની તમામ કૃષિ યુનિવર્સિટીઓમાં પ્રાકૃતિક કૃષિનો અભ્યાસક્રમ શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

નોંધનીય છે કે, ગુજરાત સરકારની પહેલથી મધ્ય ગુજરાતના હાલોલમાં સૌપ્રથમ પ્રાકૃતિક કૃષિ વિજ્ઞાન યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા પ્રાકૃતિક કૃષિના બી.એસ.સી. એગ્રીકલ્ચરના અભ્યાસ માટે હાલોલ અને અમરેલીની કોલેજોને મંજૂરી આપવામાં આવી છે. વર્ષ 2024-25 માટે આ બંને કોલેજોમાં 50-50 વિદ્યાર્થીઓની ક્ષમતામાં પ્રવેશ આપવાની પ્રક્રિયા હાલ ચાલી રહી છે.

મહેસાણાના અમારા પ્રતિનિધિ જયંતિ ચૌધરી જણાવે છે કે, એગ્રીકલ્ચર ટેકનોલોજી મેનેજમેન્ટ એજન્સી આત્મા પ્રોજેકટ અંતર્ગત મહેસાણા જિલ્લાની પ્રાકૃતિક ખેતી અંગે

તેમજ આપનો તાલુકો બાગાયત તાલુકો અંતર્ગત મહેસાણા તાલુકાના ભાસરિયા ગામ ખાતે ખેડૂત શિબિર કાર્યક્રમ યોજાયો હતો.

# REV. SC-NEET

તબીબી અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે લેવાયેલી NEET-UG, 2024 માં એક હજાર 563 વિદ્યાર્થીઓને ગ્રેસ માર્ક આપવાનો નિર્ણય રદ કરાયો છે. કેન્દ્ર સરકારે સર્વોચ્ચ અદાલતમાં ન્યાયાધીશ વિક્રમનાથ અને સંદીપ મહેતાની બનેલી બેંચ સમક્ષ આ મુજબ જણાવ્યું છે.

કેન્દ્ર સરકાર અને રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી- એનટીએના વકીલે અદાલતમાં જણાવ્યું હતું કે, ગ્રેસ માર્ક અપાયેલા તમામ વિદ્યાર્થીઓને ટૂંક સમયમાં લેવાનારી પુનઃપરીક્ષા આપવાનો વિકલ્પ અપાશે. સરકારી વકીલની દલીલો સાંભળ્યા બાદ સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશોએ દોહરાવ્યું હતું કે, NEET-UG, 2024 ની પ્રવેશ અને કાઉન્સેલીંગ પ્રક્રિયા ઉપર મનાઇ હુકમ અપાશે નહીં...

દરમિયાન, કેન્દ્રીય શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાને ભારપૂર્વક જણાવ્યું છે કે, NEET-UG, 2024 પરીક્ષામાં પેપર ફૂટ્યુ હોવાના કોઇ પૂરાવા મળ્યા નથી..તેમણે આ પરીક્ષામાં ભ્રષ્ટાચાર થયો હોવાનો આક્ષેપ પણ ફગાવી દીધો છે. આજે દિલ્હીમાં પોતાના મંત્રાલયનો હવાલો સંભાળ્યા બાદ પત્રકારો સાથેની વાતચીતમાં તેમણે વિદ્યાર્થીઓને ન્યાય આપવા માટે કેન્દ્ર સરકાર પ્રતિબધ્ધ હોવાનું જણાવ્યું હતું. તેમણે વધુમાં કહ્યું કે,

**(બાઇટ- ધર્મેન્દ્ર પ્રધાન)**

દરમિયાન, NEET-UG, 2024 પરીક્ષામાં જે વિદ્યાર્થીઓના ગ્રેસ માર્ક રદ કરાયા છે તેવા એક હજાર 563 વિદ્યાર્થીઓની પુનઃ પરીક્ષા 23મી જૂને યોજાશે. આ અંગેનું જાહેરનામુ આજે બહાર પાડવમાં આવ્યું છે.

# KHEDUT PORTAL

રાજ્ય સરકારની ખેડૂત હિતલક્ષી યોજનાઓનો લાભ આપતું આઈ-ખેડૂત પોર્ટલ તા. ૧૮મી જૂનથી ખુલ્લું મૂકાશે.

ગાંધીનગરથી અમારા પ્રતિનિધિ દુર્ગેશ મેહતા જણાવે છે કે , રાજ્ય સરકારની વિવિધ ખેડૂત હિતલક્ષી યોજનાઓનો લાભ મળી શકે તે માટે કૃષિ વિભાગ દ્વારા આઈ-ખેડૂત પોર્ટલને આગામી તા. ૧૮મી જૂનથી સાત દિવસ સુધી ખુલ્લું મૂકવામાં આવશે. આ સાત દિવસ દરમિયાન વિવિધ યોજનાનો લાભ મેળવવા ઈચ્છુક ખેડૂતોએ www.ikhedut.gujarat.gov.in પર ઓનલાઈન અરજી કરવાની રહેશે.

ઉલ્લેખનીય છે કે ,પાણીના ટાંકા બાંધકામ પર સહાય યોજના, સ્માર્ટ ફોન સહાય યોજના અને પાક સંગ્રહ યોજનાનો લાભ મેળવવા ખેડૂતો સાત દિવસ સુધી ઓનલાઈન અરજી કરી શકશે.

# Geniben resigns

ગેનીબેન ઠાકોરે બનાસકાંઠા જિલ્લાના વાવ વિધાનસભા બેઠકના ધારાસભ્ય તરીકે આજે રાજીનામુ આપ્યું છે. વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીને રાજીનામું આપ્યા બાદ તેમણે જણાવ્યું હતું કે, રાજ્યમાં એક માત્ર કોંગ્રેસના સાંસદ તરીકે મને આશીર્વાદ આપીને લોકોનો અવાજ દિલ્હી સુધી પહોંચાડવી તક આપી તે બદલ હું કોંગ્રેસ પક્ષનો આભાર માનું છું.

ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં બનાસકાંઠા બેઠક પરથી ભારે રસાકસી બાદ જીત મળતાં તેમણે વાવ બેઠક પરથી ધારાસભ્ય તરીકે રાજીનામું આપ્યું છે.

ધારાસભ્ય તરીકે બે ટર્મ માટે તક આપવા બદલ મતદારોનો આભાર માનતા તેમણે આ પ્રમાણે જણાવ્યું.....

ગેની બેન ઠાકોર -બાઈટ))

*ધારાસભ્ય તરીકે રાજીનામું આપ્યું છે. આ વિધાનસભાની જનતાનો આભાર માનું છું અમને બીજી ટર્મ ધારાસભ્ય તરીકે મત આપીને સેવા કરવાનો મોકો આપ્યો. સમગ્ર બનાસકાંઠા જીલ્લાની જનતાનો આભાર માનું છું કે, એકમાત્ર ગુજરાતમાં કોંગ્રેસ પાર્ટીના સંસદસભ્ય તરીકે આશીર્વાદ આપીને ગુજરાતનો અવાજ દિલ્હી સુદી પહોંચાડવા માટેનો મોકો આપ્યો એ બદલ કોંગ્રેસ પાર્ટીના કેન્દ્ર નેતૃત્વ અને બનાસકાંઠાની જનતાનો આભાર માનું છું.*

## Weather

હવામાન વિભાગે રાજયમાં ખાસ કરીને મધ્ય અને દક્ષિણ ગુજરાત તથા સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં આગામી 48 કલાકમાં ગાજવીજ સાથે હળવો વરસાદ થવાની સંભાવના દર્શાવી છે. આ સમયગાળામાં જમીન પર પવનની ગતિ 30થી 40 કીલોમીટર પ્રતિકલાક રહેવાની સંભાવના છે.

દરમ્યાન રાજયમાં છેલ્લા 36 કલાકમાં ઘણા સ્થળોએ મહત્તમ તાપમાન સામાન્ય કરતાં 1 થી 4 ડીગ્રી વધુ નોંધાયું છે. સૌથી વધુ 42 ડીગ્રી સેલ્સીયસ મહત્તમ તાપમાન રાજકોટ અને સુરેન્દ્રનગરમાં નોંધાયું છે. આ ઉપરાંત અમદાવાદ, ગાંધીનગર અને વલ્લભવિદ્યાનગરમાં 41 ડીગ્રી, કંડલા એરપોર્ટ, અમરેલી અને ડીસામાં 40, ભૂજ, ભાવનગર, અને વડોદરામાં 39 ડીગ્રી સેલ્સીયસ મહત્તમ તાપમાન નોંધાયું છે. આ જ સમયગાળામાં રાજયમાં ઘણા સ્થળોએ લઘુત્તમ તાપમાન પણ સામાન્ય કરતાં 1 થી 3 ડીગ્રી વધુ નોંધાયું છે.

છેલ્લા 36 કલાકમાં અમદાવાદ જીલ્લાના ધંધુકામાં 30 મીલીમીટર વરસાદ નોંધાયો હતો. હવામાન વિભાગે આગામી 5 દિવસ દરમ્યાન તાપમાનમાં નોંધપાત્ર ફેરફાર થવાની શકયતા ન હોવાનું જણાવ્યું છે.

## Fatafat News

- અમદાવાદમાં દૂરબીન સંસ્થા દ્વારા શનિવારે હેરિટેજ નાઇટ વોકનું આયોજન કરવામાં આવશે.

- રાજસ્થાનના રાજ્યપાલ કલરાજ મિશ્રએ નર્મદા જિલ્લામાં એકતા નગર સ્થિત સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લીધી હતી.
- વેળાવદર કાળીયાર રાષ્ટ્રીય ઉદ્યાન તા.૧૬જૂન થી તા.૧૫ઓક્ટોબર સુધી વર્ષાઋતુ દરમ્યાન મુલાકાતીઓ માટે બંધ રહેશે.
- એઆરટીઓ કચેરી દ્વારા બોટાદ જિલ્લામાં બાળકોને શાળાએ લાવવા-લઈ જવા માટેનાં વાહનો તેમજ બસ સહિતના વાહનોનું ચેકીંગ હાથ ધરાયું
- નિમુબેન બાંભણીયાએ ગ્રાહક સુરક્ષા અને અન્ન પુરવઠા મંત્રાલયના રાજયકક્ષાના મંત્રી તરીકે કાર્યભાર સંભાળ્યા બાદ કેન્દ્રીય ગ્રાહક સુરક્ષા મંત્રી પ્રહલાદ જોશી તેમજ બી એલ વર્મા સાથે બેઠક યોજી
- મહેસાણાના ખેરાલુ ખાતે મેલેરીયા જન જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો.
- ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થાન, મહીસાગર દ્વારા જીલ્લાનાં છ તાલુકાના ૨૬ તાલીમાર્થીઓને નિ:શુલ્ક હળવા વાહન ચલાવવા માટેની તાલીમ આપવામાં આવી.
- ગીર સોમનાથના તલાલા સેન્ટર ઓફ એકસલેન્સ ફોર મેન્ગો આંબા પાક પરિસંવાદ અને કેરી પ્રદર્શન યોજાયું હતું. જીલ્લાના 100થી વધુ ખેડૂતોએ ભાગ લીધો.
- અમદાવાદના જયપાલસિંહ ભાટી ઉપરાંત 12 સાહસિક યુવાનોએ નો ડ્રગ કેમ્પેઇનનાં ઉપક્રમે પીર પંજાલ પર્વતમાળામાં 20 હજાર ફુટની ઊંચાઇએ આવેલા યુનમ પર્વતનું સફળ આરોહણ કર્યું.
- પંચમહાલના કાલોલ તાલુકાના ધોડા અને હાલોલ તાલુકાના કણબીપાલ્લી ગામે ‘આપણો તાલુકો, બાગાયત તાલુકો’ અંતર્ગત પ્રાકૃતિક ખેતી અંગે ગઇકાલે એક દિવસીય તાલીમ-શિબિર યોજાઈ હતી.
- પાટણના રિજિયોનલ સાયન્સ સેન્ટર ખાતે આજે આગ સલામતી (ફાયર સેફટી) પર જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો.